| | |
|---|---|
| રજુ તારીખ | ૨૯/૦૧/૨૦૨૪ |
| દાખલ તારીખ | ૨૯/૦૧/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૨૨/૦૬/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (જુ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૨૯૬/૨૦૨૪**

**આંક–**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી,**
**સમાન વેતન અધિનિયમ હેઠળના**
**લેબર એન્ફોર્સમેન્ટ ઓફિસર (સેન્ટ્રલ)**

**: વિરૂધ્ધ :**

**આરોપી:– શ્રી નસરૂદ્દીન શાહ (માલીકશ્રી)**
કેર ઓફ–કોમલ વર્લ્ડવાઈડ પ્રા.લી.
હે. સર્વે નં.૧૬૫, પ્લોટ નં.૨ થી ૫ રોડ,
મોતીપુરા ચાર રસ્તા, શાહવાડી, નારોલ,
અમદાવાદ.

**ગુન્હો:– સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૧૦(૧) મુજબ ફરીયાદ.**

## –: ચૂ કા દો :–

**(૧)** ફરીયાદની ટુંકી હકીકત છે કે, આરોપી સંસ્થામાં તપાસ દરમ્યાન સ્ત્રી પુરૂષ શ્રમયોગીઓનુ વિગતો દર્શાવતુ પત્રક રજુ ન કરી, નિયમનો ભંગ કરી, **સમાન વેતન અધિનિયમ–એકટ ૧૯૭૬ ની કલમ–૧૦(૧)** હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ. જે બદલની ફરીયાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ રજૂ થતા, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) મુજબ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને, આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૨)** આરોપીઓને બજવણી થતા, આરોપીઓ વતી તેમના અધિકૃત વ્યકિત અત્રેની કોર્ટમાં હાજર થયેલ અને હાલના ગુનામાં જરૂરી કાર્યવાહી કરવાનુ અધિકારપત્ર રજુ કરેલ, જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. આરોપીને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછતા, આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવી, ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત કરતાં, તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને તેમની પ્લી નોંધતા તેમાં પણ ગુનો કબુલ કરેલ છે અને જણાવેલ છે કે,

ગુનો કોઈપણ દબાણ વગર કબુલ કરેલ છે. અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે. અધિકારપત્રમાં પણ ગુનો કબુલ કરવા વિગેરેની સત્તા આપવામાં આવેલ છે. જેથી મુળ આરોપીઓ વતી અધિકાર ધરાવતા વ્યકિતની કબુલાત સ્વીકારવી યોગ્ય જણાય છે.

(૩) આમ, સદર વ્યકિત આરોપીઓ વતી હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરે છે. આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ ધ્યાને રાખેલ છે. આરોપીઓની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા, વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## -: હુકમ ::-

(૧) તમામ આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **સમાન વેતન અધિનિયમ અન્વયેના નિયમ-૬ બદલ સમાન વેતન અધિનિયમ-એકટ ૧૯૭૬ ની કલમ-૧૦ (૧)** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક આરોપીને રૂા. ૫૦૦૦/- નો દંડ કરવામાં આવે છે. તમામ આરોપીઓ પાસેથી **કુલ્લે રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) વસુલ લેવાનો હુકમ કરવામાં આવે છે.**

(૨) જો કોઈ આરોપીઓ વતી અધિકૃત વ્યકિત દંડની રકમ ભરવામાં કસૂર કરે, તો તેને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(એન.આર.વધવાણી)**
**ન્યાયાધીશ (જુ.ડી.)**
**લેબર કોર્ટનં.૭, અમદાવાદ.**
CODE : GJ01368